| | | |
|---|---|---|
| GJAR040001052025 | **કેસ મળ્યા તા.** | **૦૪/૦૨/૨૦૨૫** |
| | **રજીસ્ટરે નોંધ્યા તા.** | **૦૪/૦૨/૨૦૨૫** |
| | **અરજીના નિર્ણયની તા.** | **૧૫/૦૭/૨૦૨૬** |
| | **સમયગાળો :** | **વર્ષ– ૦૧ માસ– ૦૫ દિવસ– ૧૧** |

**મેઘરજ ના એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, મેઘરજ**

**ફોજદારી કેસ નં. ૭૩/૨૦૨૫**
**આંક :**

(૧) શ્રી સરકાર
મેઘરજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૭૨૪૦૨૭૬/૨૦૨૪

**....ફરીયાદી**

**: વિરૂધ્ધ :**

(૧) ધર્મેન્દ્રભાઈ વજાભાઈ વણજાર
(૨) હરેશભાઈ વજાભાઈ વણજાર
(૩) કમળાબેન વા/ઓ વજાભાઈ મોકમભાઈ વણજારા

તમામ રહે.ખોખરીયા(ટાંડા),તા.મેઘરજ,જી.અરવલ્લી

**....આરોપીઓ**

**ચાર્જ : ઈ.પી.કો.કલમ– ૪૯૮(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબ**

---

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. એ.એન.સૈની
આરોપીઓ તર્ફે વિધ્વાન વકિલ શ્રી વી.કે.ભાંભી

## –:: <u>ચુ કા દો</u> ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના ફરી નું આરોપી નં–૧ નાઓની સાથે લગ્ન થયેલ અને આ.નં–૧ નાઓ ફરીના પતિ થાય છે અને આ.નં–૨ નાઓ ફરીના દીયર થાય છે તથા આ.નં–૩ નાઓ ફરીના સાસુ થાય છે અને આ કામના આરોપી નં–૧ ફરીના નાઓ ફરીને તુ કાળી છે મને ગમતી નથી તુ અહીથી જતી રા તેમ કહીને ફરીયાદીને અવાર નવાર મારઝુડ કરી આ.નં.૨ થી ૩ નાઓ આરોપી નં–૧ ની મદદગારી કરી ફરીની સાથે મારઝુડ કરી તમામ આરોપીઓ ફરીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી. ઇ.પી.કોડની કલમ–૪૯૮(ક),૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ હોવા સંદર્ભે ફરિયાદીની ફરીયાદ આધારે હાલના આરોપી વિરુધ્ધ મેઘરજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૭૨૪૦૨૭૬/૨૦૨૪ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ધોરણસરના પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ હાજર થયેલ છે, જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક– ૦૮ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક–૦૯ થી ૧૧ પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

### ::<u>મૌખિક /દસ્તાવેજી પુરાવા</u>::

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી નીરૂબેન વાલાભાઈ વણજારા ની જુબાની | ૨૪ |

| | | |
|---|---|---|
| ૨. | ફરિયાદ | ૨૫ |
| ૩. | સાહેદ વાલાભાઈ ગણેશભાઈ વણજારાની જુબાની | ૨૬ |
| ૪. | મેડીકલ સર્ટી | ૨૭ |
| ૫. | કલોજીંગ પુરશીશ | ૨૮ |

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે તથા બચાવ પક્ષના વિ.વકિલ શ્રી ની મૌખિક દલિલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

**–:: મુ દ્દા ::–**

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરી નું આરોપી નં–૧ નાઓની સાથે લગ્ન થયેલ અને આ.નં–૧ નાઓ ફરીના પતિ થાય છે અને આ.નં–૨ નાઓ ફરીના દીયર થાય છે તથા આ.નં–૩ નાઓ ફરીના સાસુ થાય છે અને આ કામના આરોપી નં–૧ ફરીના નાઓ ફરીને તુ કાળી છે મને ગમતી નથી તુ અહીથી જતી રા તેમ કહીને ફરીયાદીને અવાર નવાર મારઝુડ કરી આ.નં.૨ થી ૩ નાઓ આરોપી નં–૧ ની મદદગારી કરી ફરીની સાથે મારઝુડ કરી તમામ આરોપીઓ ફરીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી. ઇ.પી.કોડની કલમ–૪૯૮(ક),૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૫) મુદ્દા અંગેના નિર્ણય ::–

મુદ્દા નં. ૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

## મુદ્દાઓના નિર્ણય માટેના કારણો ::–

**મુદ્દા નંબર – ૧ :–**

(૬) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, ફરીયાદી નીરૂબેન વાલાભાઈ વણજારા ને **આંક–૨૪** થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨મા મારા લગ્ન ખોખરીયા ગામે આ કામના આરોપી નં.૧ ધર્મેન્દ્રભાઈ સાથે થયેલા અને લગ્ન દરમિયાન અમોને એક પુત્રનો જન્મ થયેલ અને હુ મારા સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેતી હતી અને ત્યારબાદ મારે ઘરકામ બાબતે મારી સાસરીપક્ષના આરોપીઓ સાથે સામાનય બોલાચાલી થતી હતી જેના લીધે હું મારા પિયર બાળક સાથે આવી ગયેલ અને સને ૨૦૨૪થી હું મારા પિયર મારા પિતાના ઘરે રહેતી હતી અને આ કામના આરોપી મને તેડવા ન આવતા ખોટુ લાગી જતા મે આરોપીઓ વિરૂધ્ધ આવેશમાં આવી ફરીયાદ આપેલ.જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે તેજોઈને કહુ છુ કે તેમા મારા જમણા હાથના અંગુઠાનું નિશાન છે.જે ઓળખી બતાવુ છુજે ખરી નકલને આંકે પાડવા બચાવપક્ષને વાંધો ન હોય રજુ દાખલ **આંક–૨૫** આપવામાં આવે છે. આ કામના આરોપી નં.૧ સાથે મારે સામાજીક છુટાછેડા થઈ ગયેલ છે અને તમામ મારો કરીયાવરનો સરસામાન મળી ગયેલ હોય સદર કેસ આગળ ચલાવવા કે વધુ પુરાવો આપવા માંગતી નથી.આ કામના આરોપીને હું ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા ફરીયાદી જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકતો મળી આવતી નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ મને કોઈ ગાળો બોલેલી નથી કે મારઝુડ કરી ઘરમાંથી કાઢી મુકેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ મારી તથા મારા પિતા પાસેથી કોઈ પૈસાની માંગણી કરેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને મે ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે સમજુતિ થઈ ગયેલ છે અને આરોપી નં. ૧ સાથે મારે સામાજીક રીતે છુટાછેડા થઈ ગયેલ હોઈ અને મને આજીવન ભરણપોષણની રકમ તથા મારૂ કરીયાવરનું તમામ સરસામાન મળી ગયેલ અને હવે કોઈ રકમ લેવાની બાકી રહેતી નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારી તૈયાર ફરીયાદમાં સહી લીધેલી તે ફરીયાદમાં શુ લખેલ હતુ તે હુ અભણ હોય વાંચેલ નહી.

સાહેદ વાલાભાઈ ગણેશભાઈ વણજારાને **આંક– ૨૬** થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨મા મારી દીકરી નીરુબેનના લગ્ન ખોખરીચા ગામે આ કામના આરોપી નં. ૧ ધર્મેન્દ્રભાઈ સાથે થયેલા અને લગ્ન દરમિયાન તેમને એક પુત્રનો જન્મ થયેલ અને તે તેના સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેતી હતી અને ત્યારબાદ તેને ઘરકામ બાબતે સાસરીપક્ષના આરોપીઓ સાથે સામાનય બોલાચાલી થતી હતી જેના લીધે મારી દીકરી મારા ઘરે બાળક સાથે આવી ગયેલ અને સને ૨૦૨૪થી મારી દીકરી મારા ઘરે રહેતી હતી અને આ કામના આરોપી મારી દીકરી ને તેડવા ન આવતા ખોટુ લાગી જતા મારી દીકરી એ આરોપીઓ વિરૂધ્ધ આવેશમાં આવી ફરીયાદ આપેલ.જે ફરીયાદ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.આ કામના આરોપી નં.૧ સાથે મારી દીકરી ના સામાજીક

છુટાછેડા થઈ ગયેલ છે અને તમામ તેનો કરીયાવરનો સરસામાન મળી ગયેલ હોય સદર કેસ આગળ ચલાવવા કે વધુ પુરાવો આપવા માંગતા નથી. આ કામના આરોપીને હું ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા ફરીયાદી જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકતો મળી આવતી નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારી દીકરીને ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મારી દીકરીને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ મારી દીકરીને કોઈ ગાળો બોલેલી નથી. કે મારઝુડ કરી ઘરમાંથી કાઢી મુકેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ મારી તથા મારી દીકરી પાસેથી કોઈ પૈસાની માંગણી કરેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને મારી દીકરીએ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે અમારે સમજુતિ થઈ ગયેલ છે અને આરોપી નં ૧ સાથે મારી દીકરીના સામાજીક રીતે છુટાછેડા થઈ ગયેલ હોઈ અને મારી દીકરીને આજીવન ભરણપોષણની રકમ તથા તેનો કરીયાવરનું તમામ સરસામાન મળી ગયેલ અને હવે કોઈ રકમ લેવાની બાકી રહેતી નથી. એ વાત ખરી છે કે,પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ બીજુ કાંઈ પુછેલ નહી કે મે લખાવેલ નહી.

(૭) આમ આ કામે ફરિયાદપક્ષના પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીઓ દવારા કોઈ વ્યથા પહોચાડવામાં આવેલ છે કે કેમ તથા સ્ત્રીના પતિ અથવા પતિના સગાએ તેણી સાથે ક્રુરતા કરેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી ત્યારે આ કામે આરોપીઓ દવારા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૪૯૮(ક) મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય આ

કામે આરોપીની ઈ.પી.કો. કલમ–૩૨૩,૪૯૮(ક) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવવાની અરજી જણાય છે.

(૮) આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ– ૫૦૪ મુજબનું તહોમત છે. હાલનાઅ આરોપીઓ દ્વારા તેઓને કોઈ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઈ નક્કર હકીકત ફલીત થતી નથી. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪ અન્વયે AIR 2014 SC 957, Fiona Shrikhande V/S. State of Maharashtra & Another ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ હાલના આરોપી દ્વારા તેઓને અપમાનીત કરવાના ઈરાદા સાથે આવા અપશબ્દો બોલવામાં આવેલ હોવા બાબતે કોઈ નક્કર પુરાવો આ કામે ફરીયાદી કે અન્ય સાહેદ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ– ૫૦૪ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપૂર્ણ પણે નિષ્ફળ જતા હોઈ નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

(૯) ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું તહોમત છે જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો, '' જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા ૭ વર્ષની મુદતની કેદની શિક્ષાપાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી ચારિત્ર હિંસા આડ મુકવાની હોય'' આ કામે ફરિયાદીની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપી દવારા ફરિયાદી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે અન્ય કોઈ પણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરિયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવુ કૃત્ય કરવા બીકના કારણે ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનો સદરહુ ફરિયાદી ની કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીની

ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192** ના ચુકાદામાં ગુના સબબ પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ કોઈ ભયજનક પરિસ્થિતી ફરિયાદીને જણાવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે હાલના સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે

**(૧૦)** આમ ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ બારીકાઈથી વિશ્લેષણ કરતા ફરીયાદ પક્ષ આરોપી ઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. જેથી પડેલ પુરાવા આધારે આરોપી વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)**આ કામના આરોપી (૧) ધર્મેન્દ્રભાઈ વજાભાઈ વણજાર (૨)હરેશભાઈ વજાભાઈ વણજાર (૩)કમળાબેન વા/ઓ વજાભાઈ મોકમભાઈ વણજારા, તમામ રહે.ખોખરીયા(ટાંડા),તા.મેઘરજ,જી.અરવલ્લી નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ભરતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:- ૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા છ માસનો સમય વિત્યા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫મી ,માહે-જુલાઈ ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૧૫/૦૭/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |